આંક–૧ નીચે હુકમ ક્રિ.કે. નં.૧૦૭૬૦૪/૨૦૨૩

(૧) આ કામમાં પો. સ્ટે. દ્વારા આરોપી વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે સ્પેશ્યલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓ સ્પેશ્યલ સીટીંગ અન્વયે સ્વૈચ્છીક રીતે ગુન્હો કબુલ કરવા માંગતા હોઈ તેઓ દ્વારા ગુન્હા કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીને ઉપરોક્ત મુજબના ગુન્હા માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે. અને તે ગરીબ વ્યક્તિ છે અને તેનો પ્રથમવારનો ગુન્હો છે. જેથી તેમને યાગ્ય દંડ કરવા જણાવેલ છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઇ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકતો તથા સંજોગોને તથા આરોપી વિરૂદ્ધના ગુન્હા અંગે થઇ શકતી સજાની જોગવાઇ ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂં છું.

**–૦ હુકમ ૦–**

આરોપીને ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી કુલે રૂ।.૧૬૦૦/–(અંકે રૂપિયા એક હજાર છસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૦૧ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખઃ–૦૯/૧૨/૨૦૨૩

(એમ.એ. મકરાણી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
જી.જે. ૦૧૦૦૭